# 2

**રાજ્યમાં કાર્યરત બ્લડ બેંક**

*15/4/1112 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સ રમાં તા.૨૮-૦૨-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક-૬૭ (અગ્રતા-૪૪)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃ પા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજ્યના ૧૩ જિલ્લાઓમાં એક પણ સરકારી બ્લડ બેંક ન હતી, તે પૈકી કયા જિલ્લામાં તા.૧૩-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સરકારી બ્લડ બેંક કાર્યરત કરવામાં આવી, અને | (૧) | ખેડા જીલ્લામાં બ્લડ બેંક કાર્યરત કરવામાં આવેલ છે. અમરેલી, આણંદ, બોટાદ, ગીર સોમનાથ, નર્મદા અને નવસારી જીલ્લાઓમાં બ્લડ બેંક શરૂ કરવા માટે એન.ઓ.સી.ની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. |
| (૨) | ભારત સરકારની ગાઈડલાઈન મુજબ જિલ્લામાં ઓછામાં ઓછી એક બ્લડ બેંક હોવી જરૂરી છે તે મુજબ ઉક્ત બાકી જિલ્લાઓમાં ક્યાં સુધીમાં સરકારી બ્લડ બેંક શરૂ કરવામાં આવશે? | (૨) | અરવલ્લી, છોટાઉદેપુર, ડાંગ, મહિસાગર, તાપી અને દાહોદ જીલ્લાઓમાં બ્લડ બેંક શરૂ કરવા માટે સાધનોની ખરીદીની પ્રક્રિયા સંબંધીત કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. જે પૂર્ણ થયેથી બ્લડ બેંક કાર્યાન્વિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. સમગ્ર પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરીને બ્લડ બેંક કાર્યાન્વિત કરવામાં આવશે. |

------------------